श्री यशोभारती जैन प्रकाशन पुष्प-१०

यशोग्रन्थमंगलप्रशस्तिसंग्रह

(न्यायाचार्य महोपाध्याय श्रीमद् यशोविजयगणि विरचित ग्रन्थोना आदि-अंत)

प्रधान संपादक

आचार्यश्री यशोदेवसूरिजी

(भूतपूर्व मुनिप्रवरश्री यशोविजयजी महाराज)

साहित्यकलारत्न

संपादक-अनुवादक

जयंत कोठारी

जशवंती दवे

पारुल मांकड

परामर्शक

आचार्यश्री विजयप्रद्युम्नसूरिजी

आचार्यश्री विजयशीलचन्द्रसूरिजी

प्रकाशक

श्री यशोभारती जैन प्रकाशन समिति

पालीताणा

Yashograntha-mangala-prashasti-sangraha
a compilation of the beginnings and endings of the works
by Nyayacharya Mahopadhyaya Shrimad Yashovijayagani
complied by Acharya Shri Yashodevasuri
edited and translated by Jayant Kothari,
Jashvanti Dave and Parul Mankad
published by Shri Yashobharati Jain Prakashana Samiti,
Palitana, 1997

वीर सं. २५२३ वि.सं. २०५३ ई.स.१९९७

मूल्य रु. १००.००

प्राप्तिस्थान
श्री जैन साहित्य मंदिर
तळेटी रोड, पालीताणा ३६४ २७०

प्रकाशक
श्री यशोभारती जैन प्रकाशन समिति
पालीताणा

कम्प्यूटर अक्षरांकन
शारदा मुद्रणालय
जुम्मा मस्जिद सामे, गांधी मार्ग,
अमदावाद ३८० ००१ ☐ फोन : ५३५९८६६

मुद्रक
भगवती ऑफ्सेट
१५/सी, वंसीधर एस्टेट, वारडोलपुरा, अमदावाद ३८० ००४

प्रकाशकनुं निवेदन

गुजरातनी पुण्यभूमिमां अनेक संत-महात्माओ अने कविओ थई गया छे अने एमनां नाम-कामथी आपणे परिचित छीए. परंतु गुजरातनी ए ज पुण्यभूमि पर थयेला तत्त्व अने काव्यनो विरल समन्वय प्रगट करनार, संस्कृत, प्राकृत, गुजराती आदि विविध भाषाओमां बहुसंख्य ग्रंथोनुं सर्जन करनार उपाध्याय यशोविजयजी आजथी ५० वर्ष पहेलां ओछा जाणीता हता. एमना केटलाये ग्रंथो अप्राप्य हता, केटलाये अप्रसिद्ध हता.

सरस्वतीना अवतार लेखायेला आ असाधारण कोटिना विद्वानने जैन-जैनेतर समाज बराबर पिछाणे ए हेतुथी, उपाध्यायजी ज्यां स्वर्गवास पामेला ए डभोई (प्राचीन नाम दर्भावती)नी भूमि पर वि.सं.२०१०मां वे दिवसना श्री यशोविजय सारस्वत सत्रनुं आयोजन करवामां आव्युं हतुं अने भारतभरना प्रोफेसरो ने विद्वानोने आ प्रसंगे हाजरी आपवा निमंत्रण आपवामां आव्युं हतुं. आ समारंभमां वे दिवस दरम्यान पांचेक हजार माणसोनी मेदनी समक्ष अनेक विद्वानोए उपाध्यायजीना जीवन अने कवन उपर प्रकाश पाडतां सुंदर प्रवचनो कर्या.

सत्रना प्रमुखस्थाने पंजावना वतनी अने छ भाषाना जाणकार विद्वान श्री ईश्वरीचंद्र शर्माजी (जेओ समाजमां खास जाणीता नथी) हता. तेमणे पोताना प्रवचनमां एवी टकोर करी हती के "जैन समाज उपर जेमना अथाग उपकारो छे एवा आ प्रथम कक्षाना विद्वानने जैनेतर समाज तो ठीक, पण खुद जैन समाज न जाणे ए अत्यन्त दुःख अने शरमनी वात छे. आ पुरुषे युरोपमां जन्म लीधो होत तो घरेघरे एमना नामनां तोरण बंधायां होत."

आ समारोहमां प.पू. आचार्यश्री प्रतापसूरिजी, प.पू. आचार्यश्री जंवूसूरिजी, प.पू. उपाध्याय श्री धर्मविजयजी, प.पू. मुनिश्री यशोविजयजी आदि मुनिमहाराजोनी तथा साध्वीगणनी उपस्थिति हती. आखा समारोहना मुख्य सूत्रधार उपाध्यायजी महाराजना नामधारी अने एमनी स्वर्गवासभूमि (डभोई)मां जन्मेला मुनिश्री यशोविजयजी महाराज हता, जेमनां आयोजनशक्ति, कलादृष्टि अने अथाग परिश्रमे समारोहने ज्वलंत सफळता अपावी हती.

आ सत्रमां उपाध्यायजीना अप्राप्त ग्रंथो भंडारोमांथी शोधी काढी ते छपाववा वगेरे केटलाक निर्णयो लेवाया हता.

आ समारोहनो वीगतवार अहेवाल, ए निमित्ते आवेला लेखोने समावतो यशोविजय स्मृति ग्रंथ प्रकाशित करवामां आव्यो छे तेमां मळशे.

सत्रमां लेवायेला निर्णय अनुसार उपाध्यायजीना अप्रसिद्ध ग्रंथोने प्रसिद्ध करवानुं काम पू. यशोविजयजी (हवे यशोदेवसूरि) महाराजे हाथ धर्यु अने

वि.सं.२०१४मां 'ऐन्द्रस्तुति' ग्रंथ, एमांनी अशुद्धिओ दूर करीने प्रकाशित करीने एनुं मंगलाचरण कर्युं. 'ऐन्द्र' शब्दमां ऐं अक्षर सरस्वतीदेवीनो बीजमंत्र छे अने उपाध्यायजी भगवंत आ बीजमंत्रना प्रखर जापक अने उपासक हता. आ तथा बीजां कारणोसर 'ऐन्द्रस्तुति' ग्रंथ सौप्रथम प्रकाशित करवानुं मुनासिब मान्युं.

ते पछी उपाध्यायजीना ग्रंथो प्रकाशित करवा माटे श्री यशोभारती जैन प्रकाशन समितिनी स्थापना करवामां आवी अने प्रायः बीशेक वरसमां २८ ग्रंथो संशोधनपूर्वक संपादित करीने प्रगट करवामां आव्या. तेमां उपाध्यायजीना नव्य न्यायथी परिष्कृत, क्लिष्ट अने कूट ग्रंथोना संपादननुं अत्यंत मुश्केल कार्य पण पूज्य गुरुदेवना हस्ते पार पड्युं. आ ग्रंथोना प्रकाशननो लाभ अमारी संस्थाने मळ्यो ते माटे अमे पूज्य गुरुदेवना अत्यंत ऋणी छीए. अमारा आ प्रकाशनकार्यमां सहायरूप थनार मुंबईना जैन संघो अने दाताओनी पण कृतज्ञता अमे व्यक्त करीए छीए अने एमनो आवो सहकार हमेशां मळतो रहे एवुं प्रार्थीए छीए.

समितिनां प्रकाशनोमां आ एक अनोखी भात पाडतुं प्रकाशन छे. आ पुस्तक यशोविजयजी महाराजनी कोई सळंग रचना रूपे नथी. परंतु एमां यशोविजयजी महाराजना सर्व ग्रन्थोना आदि-अंत अनुवाद साथे आपवामां आव्या छे तथा ए ग्रन्थो अंगेनी महत्त्वनी सर्व माहिती जोडवामां आवी छे. विद्वानो, संशोधको अने उपाध्यायजी भगवंतना चाहको माटे अत्यंत उपयोगी आ पुस्तक घणावधा परिश्रमथी तैयार थयुं छे. आशा छे के ग्रंथभंडारो, विद्वानो अने उपाध्यायजीना चाहको आ पुस्तक वसावी ए परिश्रमने सार्थक करशे.

आ ग्रंथमां उपाध्यायजीना आशयने, जाणतां के अजाणतां कोई क्षति पहोंची होय के शास्त्रविरुद्ध कंई लखायुं होय तो मिच्छामि दुक्कडं करीए छीए.

पालीताणा
ता. ४-१-१९९७

श्री यशोभारती जैन प्रकाशन समितिना
संचालको

प्रधान संपादकनुं निवेदन

उपाध्याय श्री यशोविजयजी महाराजसाहेवना ग्रथोना प्रकाशन माटे स्थपायेली श्री यशोभारती जैन प्रकाशन समिति तरफथी जे अप्रगट ग्रंथोनुं प्रकाशन करवा निर्धार्यु हतुं ते हवे थई चूक्युं छे. आ रीते २४ ग्रंथो प्रकाशित थया छे.

आजे संस्था तरफथी एक नवुं प्रकाशन थई रह्युं छे. आ ग्रंथमां उपाध्यायजी महाराजना ग्रंथोना आदि तथा अंत भागो गुजराती ने हिंदी अनुवाद साथे आपवामां आव्या छे. ग्रंथोना मंगलाचरणमां इष्टदेवना स्मरण सिवाय विशेष हकीकत भाग्ये ज मळे छे, परंतु अंतभागना श्लोकोमां घणी वार उपाध्यायजी महाराजना जीवनवृत्तांत अने मनोभावनाने प्रकाशित करती माहिती आपणने मळे छे. ए दृष्टिए आ सामग्रीनुं पोतानुं एक खास मूल्य छे.

आ सामग्री सौप्रथम वि.सं.२०१४नी सालमां मुवई कोटना जैन उपाश्रयमां तैयार थवा पामी हती. पछी केटलोक समय आ प्रकाशन करवुं के केम एनी द्विधा रही. छेवटे उपाध्यायजी महाराज प्रत्येनी मारी अनन्य लागणीए अने आ सामग्रीनी खास उपयोगिताए आ प्रकाशन करवुं ज जोईए एवो निर्णय करवा मने प्रेर्यो परंतु पछीये मारा हाथ परनां बीजां कामोने लीधे आ सामग्रीने चकासी एनी प्रेसकॉपी करवाथी मांडीने प्रूफ तपासवा सुधीनी कामगीरी माटे समय काढवानुं मारे माटे मुश्केल ज रह्युं. आ सामग्री भंडार खाते जमा पडी रहेशे के केम एवो संदेह पण ऊभो थयो. परंतु उपाध्यायजीना पुण्यप्रतापे केटलांक वरस पहेलां विद्वान प्रा जयंतभाई कोठारीनो परिचय थयो. एमनी पासे मे आ सामग्रीना प्रकाशननी मारी भावना मूकी. एमणे मारी भावनाने अनुमोदन आप्युं, केमके एमने उपाध्यायजीना सर्जननो परिचय हतो अने एमना प्रत्ये एमनो श्रद्धाप्रेमनो भाव केळवायो हतो. पांचेक वरस पहेलां एमणे आ सामग्रीना प्रकाशन माटेनी जवावदारी उत्साहपूर्वक पोताने माथे लीधी अने हु चिंतामुक्त थयो.

काम जरा कपरुं हतुं केमके ग्रंथोना आदि तेमज अंत भागो गुजराती तथा हिंदी अनुवाद साथे आपवाना हता अने उपाध्यायजीना ग्रंथोनो अनुवाद, तेमाना तत्त्वपरामर्श तथा ऊंची कोटिनी काव्यमयताना कारणे घणी सज्ञता मागे एम हतो परंतु जयंतभाईनी कार्यनिष्ठा अनन्य छे. एमने हाथे कोई काचुं काम न थाय एवी एमनी प्रतिष्ठा छे कामने उत्तम रीते पार पाडवा माटे जे करवुं घटे ते सघळुं ए करी छूटे. एमणे उपाध्यायजीना ग्रंथोना आदि तेमज अंत भागोना अनुवाद कराव्या, पोते जहेमतपूर्वक तपास्या, शंकास्थानो माटे अधिकारी विद्वानोनी सहाय लीधी अने आखीये सामग्री वे विद्वान आचार्यश्रीओ – प्रद्युम्नसूरिजी अने शीलचंद्रसूरिजीनी नजर नीचेथी पसार थाय एवी गोठवण करी. सामग्रीमां जे कंई पूर्ति करवी घटती हती

ते पण एमणे करी. आ ग्रंथनी संशोधन-सपादनमी कामगीरी केवी रीते थई एनी वीगतवार माहिती एमना निवेदनमां आपवामां आवी छे.

विशिष्ट पद्धतिए तैयार थयेलुं आ जातनु पुस्तक आपणे त्यां आ कदाच पहेलुं ज हशे.

जैन संघमां उपाध्यायजी महाराजना ग्रंथोना सपादन-संशोधनना प्रथम प्रशस्य प्रयत्नो यश प्रायः पूज्यपाद सूरिसम्राट श्री नेमिसूरीश्वरजी महाराजसाहेव तथा तेमना विद्वान पट्टधर न्यायसिद्धांतमहोदधि पूज्य श्री उदयसूरीश्वरजी महाराजसाहेवने फाळे जाय छे. आजे ए समुदायना वे विद्वान मुनिवरो आचार्यश्री प्रद्युम्नसूरिजी तथा आचार्यश्री शीलचंद्रसूरिजीए उपाध्यायजीनी अद्भुत शासनसेवा अने साहित्यसेवा प्रत्येना आदरथी, अमारी विनंतीने स्वीकारीने आ ग्रंथना संपादन-संशोधनमां घणो महत्त्वनो फाळो आप्यो छे ते माटे तेमने खूवखूव धन्यवाद घटे छे. आ ग्रंथना प्रकाशननुं कपरुं कार्य सुंदर रीते पार पाडवा माटे श्री जयंतभाई कोठारी, एमनां सहकार्यकर ज्ञानाभ्यासी वहेनो अने एमने सहायरूप थनार सहु कोईने पण अंतरनां अभिनंदन अने शुभेच्छा पाठवुं छुं.

ए आनंदनी वात छे के डभोईमां उपाध्याय यशोविजयनी स्मृतिमां सारस्वतसत्रनी उजवणी पछी तेमना ग्रंथोनां प्रकाशनो थयां, आपणी साधुसंस्थामां खूव जागृति आवी, नव्य न्यायनुं अध्ययन वध्युं अने उपाध्यायजी महाराज माटे कांई ने कांई करी छूटवानी भावनाओ पण जागी. अमे ज्यारे उपाध्यायजीना ग्रंथो प्रगट करवानुं विचार्यु त्यारे मारा श्रद्धेय आगमप्रभाकर पू. मुनिश्री पुण्यविजयजी महाराज तथा उपाध्यायजीना ग्रंथोना प्रशंसक विद्वानोनी, एक प्रश्नोत्तरी मोकली, सलाह लीधेली. उपाध्यायजीना ग्रंथो अनुवाद साथे प्रगट करवानुं मनमां हतुं पण ए वावतनो सौए निषेध कर्यो कारणके एमना नव्य न्यायनी शैलीए लखायेला ग्रंथोनो अनुवाद करवानु काम घणुं अघरुं वनी जाय. एनो प्रमाणभूत अनुवाद करनारा क्याथी मळे ? आथी उपलव्ध थयेला ग्रंथो ज संपादित करीने प्रकाशित करवानुं योग्य ठर्यु अने ए प्रमाणे ग्रंथो प्रगट पण थई गया फक्त 'स्तोत्रावली' वगेरे एकवे ग्रंथो अनुवाद साथे छपाया छे. आजे हवे उपाध्यायजीना केटलाक महत्त्वना ग्रंथो अनुवाद साथे प्रगट थई रह्या छे ए घणा आनंदनी वात छे.

वि.सं.२०१३मां 'श्री यशोविजय स्मृति ग्रंथ'नुं प्रकाशन थया पछी वि.सं. २०१४मां उपाध्यायजीना ग्रंथोना प्रकाशन अर्थे श्री यशोभारती जैन प्रकाशन समितिनी स्थापना करवामां आवी. ए वरसे हुं मुंवई कोटना उपाश्रयमां हतो त्यां प्रेसकॉपी करवा वगेरे कार्योमां सहायक वनी शके तेवा वयोवृद्ध सुशिक्षित सुश्रावक श्री लक्ष्मीचंदभाई मने मळी गया अने प्रकाशनना कार्यने वेग मळ्यो. समितिना प्रथम

पुष्प तरीके वि.सं.२०१८मां 'ऐन्द्रस्तुतिचतुर्विंशतिका'नुं प्रकाशन थयुं. आगमप्रभाकर पू. मुनिश्री पुण्यविजयजी संपादित ए ग्रंथ पूर्वे भावनगरथी प्रकाशित थयो हतो परतु एक अपूर्ण प्रतने आधारे एनुं संपादन थयुं हतुं. पूज्यश्रीने वीजी संपूर्ण प्रत मळी आवतां पुनःसंपादित थयेलो ग्रंथ सुप्रसिद्ध निर्णयसागर प्रेसमां सुंदर रीते छपावीने प्रगट करवामां आव्यो. त्यारथी आज सुधीमां उपाध्यायजीना ग्रंथप्रकाशननी यात्रा चोवीशेक ग्रंथो (९ पुस्तको) सुधी पहोंची छे. वि.सं.२०३८थी ए प्रवृत्ति स्थगित थई छे, परंतु दरम्यान वि.सं.२०१७मां एक नवीन प्रकाशन कर्यु ते उपाध्यायजीना स्वहस्तलिखित ग्रंथोना पहेला-छेल्ला पानांनी फोटोस्टेट नकलोना आल्वमनु. आगमप्रभाकर मुनिश्री पासेथी प्राप्त थयेली तथा एमनी अने पू. मुनिश्री रमणीकविजयजी साथे देवशाना पाडामां विमलगच्छना प्राचीन भंडारमा जोवा मळेली प्रतिओनुं ए परिणाम हतुं. पचासेकनी संख्यामां तैयार थयेला आल्बमो जुदाजुदा भंडारो अने केटलीक रस धरावती व्यक्तिओ सुधी पहोंच्या छे.

उपाध्यायजीना साहित्यना विषयमां हजु एकवे कामो मनमां विचारेला पड्यां छे. वि.सं.२०२०नी आसपास उपाध्यायजीना ग्रंथोनी हस्तप्रतो कया-कया भडारमां छे तेनी माहितीनो एक संग्रह कर्यो हतो, जे एनुं संशोधन करवा प्रवृत्त थनारने मार्गदर्शक बनी शके. ए यादीमां वहु थोडा भंडारोनी माहिती दाखल करवानी वाकी रही छे, ते उपरांत आजे उपाध्यायजीना घणा ग्रंथो प्रकाशित थई चूक्या छे त्यारे एनी उपयोगिता केटली एवो प्रश्न पण थाय छे. 'उपाध्यायजी एक स्वाध्याय' ए शीर्षकथी एक ग्रंथनुं आयोजन विचारेलुं अने केटलीक सामग्री संगृहीत करेली. पण हवे मारुं ८२मुं वर्ष चाले छे ने स्वास्थ्य कथळयुं छे तेथी प्रकाशनकार्य समेटी लेवानी स्थिति ऊभी थई छे.

उपाध्यायजी महाराजना मारा हस्तकना अप्रगट ग्रंथो प्रगट करवानुं जे कार्य निधार्यु हतुं ते आ ग्रंथना प्रकाशन साथे लगभग समाप्त थाय छे. आ प्रसंगे आजथी चाळीश वर्ष पूर्वे स्थपायेली संस्थाना ट्रस्टीओए तथा कार्यकरोए तेमज मुवईना जैन संघोना ट्रस्टोए अने मुंबईना सुखी अग्रणी सद्गृहस्थोए उपाध्यायजीनुं जैन सघ पर जे ऋण छे ते फेडवा माटे जे साथ, सहकार ने फाळो आप्यो छे ते माटे ते सौ पण अभिनंदनना अधिकारी छे.

उपरांत, एक या बीजी रीते मने सहायक बननारा अमारा संघाडाना साधुओ, मारा शिष्यो-प्रशिष्यो, साध्वीजीओ, सुश्रावको अने सुश्राविकाओ वगेरेनो पण हुं आभारी छुं. एमांये सतत मारी साथे रही वधी रीते मारी सारसभाळ लेनार तथा मारा साहित्यकार्यना साथी मारा विनीत शिष्यो पंन्यास श्री वाचस्पतिविजयजीनु तथा मारी प्रवृत्तिओमां उमळकाथी सहायभूत थनार भक्तिवंत मुनिश्री जयभद्रविजयजीनुं

हुं विशेष भावे स्मरण करुं छुं.

मारा सदा आराध्य दर्भावती (डभोई – उपाध्यायजी महाराजनी स्वर्गवासभूमि) मंडन श्री लोढण पार्श्वनाथ भगवान, श्री शामळा पार्श्वनाथ भगवान, भगवती मा भारती, प्रगटप्रभावी माता पद्मावती देवी आदि शासनदेवो तथा मारा कार्यमां प्रेरक बननार मारा जीवनोद्धारक गुरुदेवो प.पू. आचार्य श्री विजयप्रतापसूरीश्वरजी महाराज तथा युगदिवाकर प.पू. आचार्यश्री धर्मसूरिजी महाराजने मारां वंदन पाठवी, एक महापुरुषना साहित्यसर्जननी सेवा करवानी जे तक मने महान पुण्योदये प्राप्त थई ते बदल गौरव अनुभवु छुं अने आवी कल्याणकारी श्रुतसेवा जनमोजनम प्राप्त थती रहे एवी भावना भावुं छुं.

यशोदेवसूरि

१/१३, एस पी. एपार्टमेन्ट
मानवमंदिर रोड, वालकेश्वर,
मुंबई ४०० ००६
वि स.२०५३, मागशर वद १०
शनिवार, ता. ४-१-१९९७

संपादकीय निवेदन

वंदनीय आचार्यश्री यशोदेवसूरिजीए मने ज्यारे एम कह्यु के उपाध्याय यशोविजयजीना ग्रंथोना आरंभ-अंतना भागोनो पोते संग्रह कर्यो छे अने एनुं तेओ प्रकाशन करवा इच्छे छे त्यारे हुं खूव राजी थयो हतो. आदि-अंतना भागोमां कविना जीवननी, एमनी गुरुपरपरानी अने वीजी ऐतिहासिक माहिती गूंथाती होय छे ते उपरात कविनी भावनासृष्टि अने एमना अनुभवो तथा व्यक्तित्वना रंगोने प्रगट थवानी तक मळती होय छे तेथी एना स्वतंत्र प्रकाशननी पोतानी एक आगवी उपयोगिता होय छे. उपाध्यायजी जेवी कोटिना पुरुषनुं एमना कोई समकालीन के शिष्ये आलेखेलु चरित्र न होय ('सुजसवेली भास' जेवी थोडा पाछळना समयमा लखायेली नानकडी कृतिमां थोडी माहिती सचवायेली छे ते ज), त्यारे एमणे पोते पोतानी कृतिओमा पोता विशे अने पोताना गुरुओ वगेरे विशे जे कह्युं होय ते आपणे माटे घणुं मूल्यवान वनी रहे.

उपाध्यायजी प्रत्येना आदरथी अने आचार्यश्री यशोदेवसूरिना मारा प्रत्येना स्नेहभावथी आदि-अंतना भागोना प्रकाशननी जवावदारी मे स्वीकारी त्यारे मारे टपाली सिवायनुं कोई काम करवानुं हशे एम में धार्यु न हतुं. संस्कृत-प्राकृत भाषामां मारी पहोंच मर्यादित ज. संस्कृतना अध्ययन-अध्यापनमी उज्वळ कारकिर्दी धरावनार डॉ. जशवंतीवहेन दवे तथा डॉ. पारुलवहेन मांकडे आ सामग्रीनी अनुवाद साथेनी प्रेसकॉपी तैयार करी आपवानुं माथे लीधुं हतुं तेथी हुं निश्चित हतो पण काम जेम आगळ चालतुं गयुं तेम एनी मुश्केलीओ वहार आवती गई. वर्षो पूर्वे तैयार थयेली सामग्रीमां ग्रंथो विशेनी माहितीमां कोईकोई स्थाने कंईककईक वीगत खूटती हती, त्यारे जाणमां नहीं एवा ग्रंथोना आदि-अंत उमेरवाना थता हता, ग्रंथोना पाठमा शंकास्पद स्थानो हतां, अने अनुवादना कोयडाओ ऊभा थता हता. मारे आ काममां दाखल थवुं आवश्यक वन्यु. पाठशुद्धि माटे मुद्रित ग्रंथो ने कोई वार हस्तप्रत पण जोवानो कार्यक्रम करवो पड्यो (छतां कोईक स्थाने शंकास्पद पाठ ज रह्यो होय एम बन्युं छे !) अने अनुवाद माटे कोशोनी मददथी केटलुंक उकेल्या पछी अधिकारी विद्वानोनी मदद वारंवार लेवानी थई. छपायेला अनुवादो पण वधे सतोषकारक न हता ने घणा ग्रंथोना अनुवाद तो हजु थया ज नथी. 'सामग्रीमां फरीफरीने पसार थवानुं थतां नवांनवां शंकास्थानो – पाठनां ने अनुवादनां – प्रगट थता जाय अने फरीफरीने ग्रंथालयनो अने विद्वानोनो संपर्क करवो पडे. स्वभाव पण एवो के कोई विद्वान कई वेसाडी आपे अने मारा मगजमां न ऊतरे तो हु छाल न छोडु, मारा प्रयत्न-पूछपरछ चालु राखुं ने कोई वार एमां नवुं पण नीकळी आवे. आम आ काम मारे माटे घणुं श्रमभर्यु अने समय खानारुं वनी गयुं. अलवत्त, एनुं घणु वळतर पण मने मळ्युं छे. संस्कृत भाषानी ने जैनपरंपरानी मारी जाणकारी वधी छे तथा

यशोविजयजीना मनोजगत ने काव्यजगतमां अवगाहन करवानो आनंद माणवा मळ्यो छे.

आ कार्य माटे अनेक ग्रथालयोनो संपर्क करवानो थयो छे – ला.द. भारतीय संस्कृति विद्या मंदिर, गीतार्थ गंगा, दानसूरि ज्ञानमंदिर, तारावाई महासतीजी सिद्धांत-शाळा वगेरे. परंतु जोईतां पुस्तको मेळववामां ठीकठीक अगवड पडी छे. ला.द. भारतीय संस्कृति विद्या मंदिरनुं पुस्तकालय ए आपणुं एक घणुं मोटुं पुस्तकालय परंतु त्याये 'शास्त्रवार्तासमुच्चय – स्याद्‌वादकल्पलताटीका सह'ना हिंदी अनुवादना वधा भागो प्राप्य नही, ए तारावाई महासती सिद्धांत-शाळामांथी मेळववा पडे. वळी जे पुस्तक कार्ड पर वोले ते कवाटमांथी मळे नहीं के कोईने नामे पण जडे नहीं. गीतार्थ गंगानो तो उद्देश ज हरिभद्रसूरिजी अने यशोविजयजीना सघळा ग्रंथो – मुद्रित तेमज हस्तप्रत रूपे – एकत्रित करवानो छे. पण त्यांये यशोविजयजीना जोईता ग्रंथो केटलीक वार सरळताथी प्राप्त थया नथी. अमदावाद जेवा जैन नगरमां महत्त्वना सघळा जैन ग्रंथो सरळताथी मळी रहे एवा ग्रंथालयनी खोट वहु साले छे. ला.द. भारतीय संस्कृति विद्या मंदिरना ग्रंथालयने एवा ग्रंथालय तरीके विकसाववा माटे घणी अनुकूळता छे पण कोण जाणे केम एना संचालको ए दिशामां विचारता नथी ऊलटुं केटलाक समयथी ए ग्रंथालय पाछुं पडी रह्युं छे एवी छाप ऊभी थई छे

आम छतां आ वधा ग्रंथालयोए मने हमेशां सद्‌भावपूर्वक मदद करी छे ए माटे हु एमना संचालकोनो अत्यंत ऋणी छुं. अनुवाद सहित प्रेसकॉपीनो प्रथम खरडो पोतानी सर्व सज्ञता कामे लगाडीने अने आचार्यश्री प्रद्युम्नसूरि तथा आचार्यश्री शीलचंद्रसूरिनी मदद लईने डॉ. जशवंतीवहेन दवे तथा डॉ. पारुलवहेन मांकडे तैयार कर्यो तथा डॉ. जशवतीवहेने तो छेवटनी प्रेसकॉपी अने प्रूफवाचननी कामगीरी पण उपाडी. आ वन्ने वहेनो आ प्रकाशनना पायामां छे एम कहेवाय. ए जो सौपहेलां आ काम माटे तैयार न थया होत तो आ कामनां मंडाण ज न थयां होत. आचार्य प्रद्युम्नसूरिजी अने आचार्य शीलचन्द्रसूरिजीए प्रूफ कक्षाए आखी सामग्री घणी काळजीथी जोई आपी छे अने घणां सूचनो ने सुधारा कर्या छे आचार्य प्रद्युम्नसूरिजी साथे तो आ ग्रंथना अनुवादना प्रश्नो अंगे मे घणी वेठको पण करी छे. आ ग्रंथनी जे कंई प्रमाणभूतता छे ते आ वन्ने आचार्योने आभारी छे. डॉ. नारायण कंसारा गीतार्थ गंगाना संपर्कमां सदाये स्नेहभावे मारी साथे रह्या छे अने तेमणे, डॉ. नगीनभाई शाहे, डॉ. लक्ष्मेश जोशीए तथा पडित रमेशभाई हरियाए अनुवादनी केटलीक गूंचो उकेली आपी छे. डॉ विष्णु ओझाए हिदी भाषानी दृष्टि सामग्री जोई आपी छे. आ सर्वनुं आ ग्रंथ पर घणुं मोटुं ऋण छे ने एमनो हुं उपकृत छुं.

आ ग्रंथनी सामग्रीने शक्य तेटली प्रमाणभूतता अर्पवानी आ रीते सघळी कोशिशो करवामां आवी छे तेम छतां एमां कोई स्खलनो नही ज रह्यां होय एवी खातरी आपी शकाती नथी. केमके मूळ सामग्री ज थोडी कूट छे – यशोविजयजीना संस्कृतमां विरल शब्दोना प्रयोगो छे, श्लेषनो विनियोग छे, समासप्रचुर संकुल वाक्यरचनाओ छे अने विशिष्ट जैन संदर्भो छे तथा आ सपादको-अनुवादकोनी ए माटे पूरेपूरी क्षमता नथी. जाणकारो क्षतिओ तरफ निर्देश करशे तो अमे आभारी थईशुं.

हवे आ ग्रंथनी सामग्री विशे.

ग्रथनो एक उद्देश कविनी अंगतताने प्रगट करनारा मगल अने प्रशस्ति-अंशोनुं संकलन करवानो हतो. पण मगल के प्रशस्ति-अंश विनानी, सीधा विषय निरूपणथी आरभाती अने विषयनिरूपणथी अंत पामती कृतिओ पण नीकळे ज. खंडित ने अपूर्ण कृतिओना प्राप्त आदि-अंत विषयनिरूपणवाळा ज होय. अनुभवे समजायुं के विपयनिरूपण तो घणे ठेकाणे पारिभाषिक ने कठिन होय छे, एनो अनुवाद विषय परत्वेनी पण घणी सज्ञता मागे. एम लाग्युं के आ ग्रंथमां एवा आरंभ-अंत नोंधीए तो खरा ज, पण एनो अनुवाद आपवानुं आवश्यक न लेखीए तो चाले, मात्र मगल अने प्रशस्ति-अशनो अनुवाद आपीए तो चाले. आचार्यश्री प्रद्युम्नसूरिजी अने आचार्यश्री शीलचंद्रसूरिजीनो पण एवो ज अभिप्राय थयो एटले आ ग्रंथमां विषय-निरूपणवाळा अंशो उद्धृत थया छे त्या 'अनुवाद अनावश्यक' एवी नोध जोवा मळशे.

एक ज श्लोक एकथी वधारे कृतिओमां आवे तथा एक ज कृतिना जुदाजुदा सर्गोमा आवे एवुं वने छे. आ स्थितिमा श्लोक ने एनो अनुवाद फरी वार आपवानुं स्वीकार्यु छे, जेथी वस्तुनी अखंडता जळवाई रहे.

गुजराती-हिदी कृतिओनो समावेश आमां करवो के केम ए विशे द्विधा हती आचार्यश्री प्रद्युम्नसूरिजी अने आचार्यश्री शीलचंद्रसूरिजी एनो समावेश थाय एवु इच्छता हता. परंतु गुजराती-हिदीमां लघु कृतिओ एटलीवधी छे के एना आदि-अंत आपता घणु लांवुं थाय. छेवटे एवो व्यवहारु तोड काढ्यो के जे कृतिओमां कविनाम सिवायनी विशेष माहिती – रचनासमय, रचनास्थळ, कोई अन्य व्यक्तिनो उल्लेख वगेरे – गूंथायेली होय तेवी कृतिओना ज आदि-अंत आपवा, वाकीनी कृतिओनी सूचि आपीने संतोष मानवो. गुजराती-हिदी कृतिओमां अनुवाद आपवानो होय नही, सिवाय के एमां सस्कृत श्लोक आवता होय. तेमाये ज्यां संस्कृत श्लोकना स्वोपज्ञ गुजराती वालाववोध ज नोधायेलो छे त्यां पण अनुवाद आपवानुं आवश्यक गण्युं नथी.

कृतिना आदि-अंत ने एना अनुवाद उपरात अहीं कृतिविपयक अन्य माहिती – भापा, पद्यसख्या / श्लोकमान, रचनासमय, धर्मगाप्राज्य, विपय – आपवामां आवी छे. मूळ योजनामां ज ए वस्तु हती, जोके एमां अमारे घणी पूर्ति करवानी थई छे. कृतिओना प्रकाशननी माहिती तो प्राप्त थयेली मूळ सामग्रीमां हती ज नहीं. ए आखी अमे उमेरी छे.

कृतिओनां वैकल्पिक नामो मळे छे. पण अनुक्रममां दरेक कृतिने एना दरेक नामना वर्णानुक्रममां मूकी अभ्यासीओने त्यां सुधी पहोंचवानी सगवड करी आपी छे. संस्कृत कृतिओना गुजराती वालाववोधोना आदि-अंत संस्कृतमा होय ते त्यां ज लीधा छे, तो जेना आदि-अंत गुजरातीमां छे एवा वालाववोधो गुजराती विभागमां मुकायेला छे. पण संस्कृत विभागमा मुकायेला गुजराती वालाववोधोना नाम अनुक्रममां गुजराती विभागमा पण समावी लीधा छे.

वे कृतिओ पाछळथी लक्षमां आपी ते पूर्ति रूपे मूकी छे पण आरंभना ग्रंथानुक्रममां एने एना वर्णानुक्रममां ज दर्शावी छे. उपाध्याय यशोविजयजीनी रचेली नही परंतु जेमां एमनुं नाम लहिया के सही करनार तरीके छे एवी वे कृतिओ एमनी जीवनघटना पर प्रकाश पाडती होई परिशिष्टमां एनी नोंध लीधी छे.

छेल्ले उद्धृत पद्योनी प्रथम पंक्तिनी वर्णानुक्रमिक सूची आपी छे. जे-ते पद्य सुधी पहोंचवानुं एथी सरळ वनशे. कृतिओनो रचनासमयक्रम पण आप्यो छे.

उपाध्याय यशोविजयजीनी विद्वत्प्रतिभानो उज्ज्वळ परिचय करावववानुं अने एमना ग्रंथोने प्रकाशित करवानुं एक मोटु पुण्यकार्य आचार्यश्री यशोदेवसूरिजीने हाथे थयुं छे. एमना ए विद्यायज्ञमां यत्किंचित् सहभागी थवानु मने मळ्युं छे तेने हुं मारुं सद्भाग्य लेखुं छुं. एमणे मने पूरी स्वतत्रता आपी छे. जरूर जणाय त्यां आचार्यश्री प्रद्युम्नसूरिजी तथा आचार्यश्री शीलचद्रसूरिजी साथे परामर्श करी मारी रीते आगळ वधवा छूटो दोर आप्यो छे. आथी आ काम करवानो मने घणो आनंद आव्यो छे. एमना मारा परना आ विश्वास माटे हुं एमनो खूब आभारी छुं. आचार्यश्री प्रद्युम्नसूरि अने आचार्यश्री शीलचंद्रसूरि जे स्नेहपूर्वक सतत मारी साथे रह्या छे ए तो कदी वीसराय एवुं नथी. फरी आ काममा कोई पण रूपे मने मददरूप थनार सौकोईनी कृतज्ञता व्यक्त करी विरमुं छुं.

२४, नेमिनाथनगर सोसायटी, जयंत कोठारी
सुरेन्द्र मगळदास मार्ग,
अमदावाद ३८० ०१५
ता. १७-२-१९९७

मात्र संग्रहणीय नहीं, अभ्यसनीय पण

विद्वानोनी यादीमां जेओनुं नाम प्रथम हरोळमां आवे तेवा पूज्यपाद उपाध्यायश्री यशोविजयजी महाराजनी सर्जनयात्रा प्रलंव पटमां पथरायेली छे. विषयवैविध्य धरावती आ सर्जनयात्रानो अही मात्र नकशो छे – तेमना ग्रंथोना आदि-अंत भाग ज मात्र आप्या छे. विद्वानोने तेमना समग्र सर्जननो अंदाज एक ज स्थाने मळी आवे तेवो आशय आ संपादनना केन्द्रमा रहेलो छे.

मंगलश्लोकोनो एकसाथे अभ्यास करवाथी कर्ताना इष्टदेव अने तेनी स्तवना करवानी तेमनी पद्धतिनो ख्याल आवे छे. मंगल संक्षिप्त अने विस्तृत बन्ने प्रकारनां छे. ग्रंथ मोटो अने गंभीर होय तो तेनुं मंगल साव सादुं – एकाद श्लोकनुं होय अने ग्रंथ नानो होय, विषय रसाळ साहित्यनो होय तो मंगल विस्तृत होय एवुं जोवा मळे छे. ते ज वात प्रशस्तिने पण लागु पडे छे. केटलाक ग्रंथोनी प्रशस्तिना श्लोको समान ज मळे छे पण केटलाकमां प्रशस्तिमां खूब ज पर्येषक विस्तार सधायेलो मळे छे. तेमां ते-ते वखतनी तेमनी गुरुपरंपरानुं अलंकारमंडित, छंदोवैविध्ययुक्त, रसिक वर्णन करेलुं मळे छे. अरे ! प्रशस्तिमां क्यांक उत्प्रेक्षादि अलंकारोथी खीचोखीच एवुं वर्णन थयुं छे के तेनो तथातथ गुजराती अनुवाद दुष्कर थई पडे छे. पण वाचकनुं कुतूहल संतोषातुं रहे छे, रस पोषातो रहे छे. क्यांक प्रशस्तिमां दुर्जनो प्रत्येनी कटुता, वळतरा – वराळ पण प्रकट थई गई छे. सज्ञन तेम दुर्जनो सदाकाळ होवाना. 'द्वात्रिंशद्-द्वात्रिंशिका'मां छेल्ली आखी बत्रीसी सज्ञनोए रोकी छे.

साहित्यकलारत्नाचार्य श्री यशोदेवसूरिजी महाराजने पहेलेथी ज कुदरती रीते – नामसाम्यना कारणे पण होय, न जाने ! – उपाध्यायजी श्री यशोविजयजी महाराज प्रत्ये तथा तेमना साहित्य प्रत्ये अनेरो लगाव छे. तेनुं एक बीजुं पण योगानुयोग कारण कल्पी शकाय. उपाध्यायश्री यशोविजयजी महाराजनी स्वर्गवासभूमि डभोई अने आ साहित्यकलाचार्य श्री यशोदेवसूरिजी महाराजनी जन्मभूमि डभोई. एथी पण तेमने आवी प्रीति होई शके. बाकी तेओना रसना विषय तो संगीत, शिल्प अने चित्रकळा. तेमांये चित्रकळामां तेओनी सूझ-बूझ आगवी छे, ते तेओए प्रकाशित करेल तीर्थंकरोना जीवनचित्रसंपुट द्वारा सारी रीते जाणी शकाय छे.

वर्षो पहेलां उपाध्यायश्री यशोविजयजी महाराजना स्वहस्तलिखित ग्रंथोना प्रथम-अंतिम पृष्ठनी छवीओनो एक संग्रह श्री यशोदेवसूरिजीए ज श्री यशोभारती जैन प्रकाशन समिति तरफथी प्रकाशित करेलो (वि.सं.२०१७) ने ते विद्वानोमां घणो आदर पामेलो पण ते हवे तो प्रायः अदृश्य ज जणाय छे. आ ग्रंथमां तो उपाध्यायजीना सर्व ग्रंथोना आदि-अंत अनुवाद साथे आप्या छे तेथी एनी उपयोगिता

घणी विशेप छे एमा शंका नथी. आ ग्रंथ, आथी, विद्वानो माटे मात्र संग्रहणीय ज नही पण वारंवार अभ्यसनीय वनी रहेशे तेवी आशा छे.

आना प्रकाशनमां श्री जयंतभाई कोठारीए लीधेली जहेमत पानेपाने चमकती जणाय छे अने तेमां तेमनो श्रुतानुराग झळकतो देखाय छे. आ कार्य वदल खूवखूव धन्यवाद अने आ ग्रथने उमळकाभर्यो प्रेममीठो आवकार.

सुरत, प्रद्युम्नसूरि

वाग्द्वादशी, वि.सं.२०५२

ગુજરાતના મહાન જ્યોતિર્ધર

विक्रमनी सत्तरमी सदीमां जन्मेला, जैन धर्मना परमप्रभावक, जैन दर्शनना महान दार्शनिक, जैन तर्कना महान तार्किक, षड्दर्शनवेत्ता अने गुजरातना महान ज्योतिर्धर श्री यशोविजयजी महाराज एक जैन मुनिवर हता. योग्य समये अमदावादना जैन श्रीसंघे समर्पित करेला, उपाध्यायपदना विरुदथी 'उपाध्यायजी' बन्या हता. सामान्य रीते व्यक्ति 'विशेष' नामथी ज ओळखाय छे. पण आमना माटे थोडीक नवाईनी वात ए हती के जैन संघमां तेओश्री विशेष्यथी नही पण 'विशेषण'थी सविशेष ओळखाता हता. "उपाध्यायजी आम कहे छे, आ तो उपाध्यायजीनुं वचन छे" आम 'उपाध्ययजी'थी श्रीमद् यशोविजयजीनुं ज ग्रहण थतुं हतुं. विशेषण पण विशेष्यनुं पर्यायवाचक बनी गयुं हतुं. आवी घटनाओ विरल व्यक्तिओ माटे वनती होय छे. एओश्री माटे तो आ वावत खरेखर गौरवास्पद हती.

वळी एओश्रीनां वचनो माटे पण एने मळती वीजी एक विशिष्ट अने विरल बाबत छे. एमनी वाणी, वचनो के विचारो 'टंकशाली' एवा विशेषणथी ओळखाय छे. वळी उपाध्यायजीनी शाख एटले 'आगमशाख' अर्थात् शास्त्रवचन एवी पण प्रसिद्धि छे. वर्तमानना एक विद्वान आचार्ये एमने 'वर्तमानना महावीर' तरीके पण ओळखाव्या हता.

आजे पण श्रीसंघमां कोई पण वावतमां विवाद जन्मे त्यारे उपाध्यायजी विरचित शास्त्र के टीकानी 'शहादत'(शाहेदी)ने अन्तिम प्रमाण गणवामां आवे छे. उपाध्यायजीनो चुकादो एटले जाणे सर्वज्ञनो चुकादो. श्रुतकेवली एटले श्रुतना वळे केवली अर्थात् 'शास्त्रोना सर्वज्ञ' - एटले ज एमना समकालीन मुनिवरोए तेओश्रीने 'श्रुतकेवली' विशेषणथी नवाज्या छे. सर्वज्ञ जेवुं पदार्थनुं स्वरूप वर्णवी शकनारा.

आवा उपाध्यायजी भगवानने वाल्यवयमां (आठेक वर्षनी आसपास) दीक्षित वनीने विद्या प्राप्त करवा माटे गुजरातमां उच्च कोटिना विद्वानोना अभावे के गमे ते कारणे गुजरात छोडीने दूर-सुदूर पोताना गुरुदेव साथे काशीना विद्याधाममां जवुं पड्युं हतुं अने त्यां तेमणे छये दर्शननो तेमज विद्या-ज्ञाननी विविध शाखा-प्रशाखाओनो आमूलचूल अभ्यास कर्यो. तेना उपर तेओश्रीए अद्भुत प्रभुत्व मेळव्युं अने विद्वानोमां 'षड्दर्शनवेत्ता' तरीके पंकाया.

उपाध्यायजीए काशीनी सभामां एक महासमर्थ दिग्गज विद्वान, जे अजैन हतो, तेनी जोडे अनेक विद्वानो समक्ष शास्त्रार्थ करी विजयनी वरमाळा पहेरी हती. तेओश्रीना अगाध पांडित्यथी मुग्ध थईने तेओश्रीने 'न्यायविशारद' विरुदथी अलंकृत करवामां आव्या हता. ते वखते जैन संस्कृतिना एक ज्योतिर्धरे जैन धर्मनो अने गुजरातनी पुण्यभूमिनो जयजयकार वर्ताव्यो हतो.

विविध वाङ्मयना आ पारंगत विद्वानने जोतां, आजनी दृष्टिए तो, तेओश्रीने वेचार नही पण संख्यावंध विपयोनी पीएच.डी. पदवी धरावनार कहीए तो ते यथार्थ ज छे.

भापानी दृष्टिए जोईए तो उपाध्यायजीए अल्पज्ञ के विशेपज्ञ, वाळ के पंडित, साक्षर के निरक्षर, साधु के संसारी व्यक्तिना ज्ञानार्जननी सुलभता माटे, जैन धर्मनी मूळभूत प्राकृत भापामां, ए वखतनी राष्ट्रीय जेवी गणाती संस्कृत भापामां तेमज हिन्दी-गुजराती भापाभाषी प्रान्तोनी सामान्य प्रजा माटे हिन्दी-गुजरातीमां विपुल साहित्यनुं सर्जन कर्यु छे. एओश्रीनी वाणी सर्वनयसंमत गणाय छे.

विपयनी दृष्टिए जोईए तो एमणे आगम, तर्क, न्याय, अनेकांतवाद, तत्त्वज्ञान, साहित्य, अलंकार, छंद, योग, अध्यात्म, आचार, चारित्र, उपदेश आदि अनेक विपयो उपर मार्मिक अने महत्त्वपूर्ण रीते लख्युं छे.

संख्यानी दृष्टिए जोईए तो एमनी कृतिओनी संख्या 'अनेक' शव्दथी नहीं पण 'सेकडो' शव्दथी जणावी शकाय तेवी छे. आ कृतिओ वहुधा आगमिक अने तार्किक वंने प्रकारनी छे. एमां केटलीक पूर्ण, अपूर्ण वंने जातनी छे अने अनेक कृतिओ अनुपलव्ध छे. पोते श्वेताम्वर परंपराना होवा छतां दिगम्वराचार्यकृत ग्रन्थ उपर टीका रची छे. जैन मुनिराज होवा छतां अजैन ग्रन्थो उपर टीका रची शक्या छे. आ एमना सर्वग्राही पांडित्यनो प्रखर पुरावो छे. शैलीनी दृष्टिए जोईए तो एमनी कृतिओ खंडनात्मक, प्रतिपादनात्मक अने समन्वयात्मक छे. उपाध्यायजीनी उपलव्ध कृतिओनुं, पूर्ण योग्यता प्राप्त करीने, पूरा परिश्रमथी अध्ययन करवामां आवे तो अध्येता जैन आगम के जैन तर्कनो लगभग संपूर्ण ज्ञाता वनी शके. अनेकविध विपयो उपर मूल्यवान, अतिमहत्त्वपूर्ण सेंकडो कृतिओना सर्जको आ देशमां गण्यागांठ्या पाक्या छे, तेमां उपाध्यायजीनो निःशंक समावेश थाय छे. आवी विरल शक्ति अने पुण्याई कोईना ज ललाटे लखायेली होय छे. आ शक्ति खरेखर सद्गुरुकृपा, जन्मान्तरनो तेजस्वी ज्ञानसंस्कार अने सरस्वतीनुं साक्षात् मेळवेलुं वरदान आ त्रिवेणीसंगमने आभारी हती.

तेओश्री 'अवधान'कार (एटले वुद्धिनी धारणाशक्तिना चमत्कारो करनार) पण हता. अमदावादना श्रीसंघ वच्चे अने वीजी वार अमदावादना मुसलमान सुवानी राजसभामां आ अवधानना प्रयोगो एमणे करी वताव्या हता. ते जोईने सहु आश्चर्यमुग्ध वन्या हता. मानवीनी वुद्धिशक्तिनो अद्‌भुत परचो वतावी जैन धर्म अने जैन साधुनुं असाधारण गौरव वधार्यु हतुं. अनेक विषयोना तलस्पर्शी विद्वान यशोविजयजीए 'नव्य न्याय'ने एवो आत्मसात् कर्यो हतो के तेओ नव्य न्यायना 'अवतार' लेखाया हता. आ कारणथी तेओ 'तार्किकशिरोमणि' तरीके पण विख्यात

थया हता. जैन संघमां नव्य न्यायना आ आद्य विद्वान हता. जैन सिद्धान्तो अने तेना त्यागवैराग्यप्रधान आचारोने नव्य न्यायना माध्यम द्वारा तर्कबद्ध करनार एकमात्र उपाध्यायजी ज हता. १२०० वर्ष पहेलां मिथिलानगरीमां गंगेश उपाध्याये जन्म आपेल नव्य न्यायनी पद्धति समजवा-समजाववामां घणी कठिन छे. वैदिक धर्मना विद्वानोए शास्त्रीय रहस्यो समजाववामां एनो उपयोग कर्यो हतो पण जैन धर्मनां रहस्यो समजाववा माटे एने उपयोगमां लेवानुं बन्युं नहोतुं ते छेक अढारमी सदीमां उपाध्यायजीने हाथे थयुं.

तेओनी शिष्यसंपत्ति अल्पसंख्यक हती. एमनुं अवसान गुजरातना वडोदरा शहेरथी १९ माईल दूर आवेला प्राचीन दर्भावती, वर्तमानमां 'डभोई' शहेरमा वि.सं.१७४३मां थयुं हतुं. डभोई मारी जन्मभूमि अने उपाध्यायजी महाराज प्रत्ये मने नानपणथी ज ऊंडी श्रद्धाभक्ति. वरसो बाद उपाध्यायजीनी देहान्तभूमि पर एक भव्य समारक ऊभुं कराव्युं अने त्यां एमनी, वि.सं.१७४५मां प्रतिष्ठित करायेली पादुका पधराववामां आवी. आम आ स्थळ गुरुयात्रानुं एक धाम बनी गयुं. ज्ञानार्थी साधुसाध्वीओए आ पवित्र भूमिनी स्पर्शना करी, पादुकानां दर्शन करी पावन थवुं जोईए अने एना सान्निध्यमां नव्य न्यायना माध्यमथी जैन शास्त्रो समजवा-समजाववानी शक्तिनी याचना करवी जोईए.

यशोदेवसूरि

श्रीमद् यशोविजयजी विरचित नयरहस्यप्रकरणनी
स्वहस्तलिखित प्रतिनुं प्रथम तथा अतिम पृष्ठ

उपाध्याय यशोविजयजीनी जीवनरेखा

एमनुं जन्मनाम जसवंत हतुं ने ए कनोडाना वणिक वेपारी नारायण तथा सोभागदेना पुत्र हता. कनोडा उत्तर गुजरातमां चाणस्मा तालुकामां महेसाणा ने मोढेरा वच्चे आवेलुं नानुं गाम छे. सवत १६८८मां नयविजयगणि कनोडा आव्या त्यारे एमना उपदेशथी जसवंतने वैराग्य ऊपज्यो अने पछी अणहिलपुर पाटण जई गुरु पासे दीक्षा लीधी. ए प्रसंगे एमना भाई (संभवत : मोटा भाई) पद्मसिंहने प्रेरणा थवाथी एमणे पण दीक्षा लीधी. एमनुं नाम पद्मविजय राखवामां आव्युं. बन्नेनी वडी दीक्षा विजयदेवसूरिने हस्ते सं. १६८८मां ज थई.

विजयदेवसूरि तपागच्छना सुप्रसिद्ध आचार्य, अकबरप्रतिबोधक हीरविजयसूरि-ना पट्टधर विजयसेनसूरिनी पाटे आवेला हता. नयविजयजी हीरविजयशि कल्याणविजयशि. लाभविजयना शिष्य हता.

यशोविजयजीए प्रारंभनो विद्याभ्यास नयविजयजी उपरांत नयविजयजीना गुरुबंधु (अने सहोदर) जीतविजयगणि पासे कर्यो. यशोविजयजी जीतविजयजीने पण पोताना गुरु अने विद्यागुरु तरीके भावपूर्वक उल्लेखे छे. एमना विद्याभ्यासमा गच्छनायक विजयदेवसूरिना पट्टधर स्थापित थयेला विजयसिंहसूरि ऊंडो रस लेता हता. यशोविजयजीए जैन शास्त्र उपरांत व्याकरण, काव्य, तर्क वगेरेनो पण अभ्यास कर्यो. ए अभ्यासना परिपाक रूपे सं.१७०१ सुधीमां ज 'अध्यात्ममतपरीक्षा', 'न्यायवादार्थ', 'श्रीपूज्यलेख', 'सप्तभंगीप्रकरण' '(लघु)स्याद्वादरहस्य' वगेरे ग्रंथो यशोविजयजी द्वारा रचाई चूक्या हता.

सं.१७०१ सुधीमा यशोविजयजीने गणिपद मळी गयानुं जणाय छे. आ दरम्यान सं १६९९मां यशोविजयजीए राजनगर(अमदावाद)मां संघनी साक्षीए आठ महाअवधान कर्या ए वखते, एमनी आ सिद्धिथी प्रभावित थई त्यांना श्रेष्ठी शाह धनजी सूराए नयविजयजीने कह्युं के, "आ तो विद्यानुं उत्तम पात्र छे बीजा हेमचंद्राचार्य थाय तेम छे एने षड्‌दर्शननो अभ्यास करवा काशी मोकलो. ए जरूर जिनमतने उजाळशे." एमणे ए माटे खर्चनी व्यवस्था करवानी पण बाहेधरी आपी. नयविजयजीए आ वात स्वीकारी अने काळक्रमे (सभवत. स १७०१ पछी) यशोविजयजीने लईने काशी गया.

काशीमां जेमनी पासे ७०० विद्यार्थीओ भणता हता तेवा षड्‌दर्शनवेत्ता तार्किककुलमार्तंड भट्टाचार्य पासे यशोविजयजीए त्रण वर्ष अभ्यास कर्यो. एमणे तर्क अने न्यायनु ऊंडुं अध्ययन कर्यु, ते उपरांत षड्‌दर्शन, बौद्धमत अने जिनागमनो पण अभ्यास कर्यो. पडितोनी सभामां एक सन्यासी साथे विवादमां विजय मेळवी एमणे 'न्यायविशारद'नुं बिरुद मेळव्युं अने पछी न्यायग्रंथनी रचना करी त्यारे भट्टाचार्ये

एमने 'न्यायाचार्य'नुं विरुद आप्युं. यशोविजयजी तार्किक तरीके सुप्रतिष्ठित थया.

काशीमां गंगानदीने कांठे 'ऐं' ए वीजमंत्रनो जाप करतां सरस्वतीदेवीए प्रसन्न थई पोताने तर्क अने काव्यनुं वरदान आप्युं हतुं एम यशोविजयजी पोते लखे छे.

काशीथी यशोविजयजी आग्रा गया अने त्यां चार वर्ष रही तर्क अने प्रमाणनो पोतानो अभ्यास आगळ वधार्यो. आग्राना संघे एमनो आदर कर्यो अने रू.७०० अर्पण कर्या. यशोविजयजीए ए रकम छात्रोने माटे पोथीपुस्तको तैयार कराववा आपी दीधी.

काशी-आग्राथी पाछा वळतां यशोविजयजीने मस्त अवधूत आनंदघनजीनो संपर्क थयो जणाय छे. सं.१७१०मां यशोविजयजी गुजरातमां आवी पहोंच्या. ए वर्षमां पालणपुर पासे गोलाग्राममां ऋद्धिविमलजीए क्रियोद्धार कर्यो त्यारे यशोविजयजी त्यां काशीथी ताजा आवेला हता. ए वर्षना पोष मासमां पाटणमां रहीने 'नयचक्रवृत्ति'नी प्रत एमणे लखी.

यशोविजयजी अमदावाद पधार्या त्यारे एमनुं उमळकाभर्यु स्वागत थयुं. राजसभामां एमणे अढार अवधान कर्या अने एमनी अक्षोभ पंडित तरीके ख्याति थई, जिनशासननी शोभा वधी. आथी, सकळ संघे एमने उपाध्यायपदवी आपवा माटे विजयदेवसूरिने विनंती करी. विजयदेवसूरिए यशोविजयजीनी लायकात प्रमाणी अने आ विशे विचारवामां आवशे एम कह्युं. यशोविजयजीने उपाध्यायपद तो पछी विजयदेवसूरिनी पाटे आवेला विजयप्रभसूरि द्वारा छेक सं.१७१८मां आपवामां आव्युं. सं.१७१७मां यशोविजयजीए लखी आपेलुं एक माफीपत्र मळे छे ते साचुं होय तो यशोविजयजी सामे एमना कोई विचारोने कारणे विरोध होय अने तेथी एमनुं उपाध्यायपद ठेलायुं होय एम वनी शके. संप्रदायने वटी गयेला आनंदघनजी प्रत्ये एमनो अनुराग अने ऋद्धिविमलगणि, जयसोमगणि, मणिचंद्र ऋषि वगेरे साथेनो एमनो मेळ (जेमनी साथे एमणे साधुओ माटे व्यवहारमर्यादाना ४२ वोलना एक लखाणमां सही करेली छे) जेवुं केटलुंक गच्छाधिपतिने कदाच पसंद न पड्युं होय.

काशीथी आव्या पछी सं.१७११ ('द्रव्यगुणपर्यायनो रास')थी मांडीने सं. १७३९ ('जंबूरास') सुधीनां रचनावर्षो दर्शावती यशोविजयजीनी कृतिओ मळे छे. रचनावर्षो नही धरावती पण घणी कृतिओ छे. कृतिओ संस्कृत, प्राकृत, गुजराती आदि विविध भाषाओमां रचायेली छे ते उपरांत, दर्शनशास्त्र, काव्यशास्त्र, व्याकरण, धर्मसिद्धांत, धर्माचार, उपदेश, कथा, चरित्र, स्तुतिस्तवन आदि घणो विषयव्याप धरावे छे.

एमनी प्रकांड विद्वत्ताने कारणे यशोविजयजी कळियुगना श्रुतकेवली, कूर्चाली शारदा (मूछाळी सरस्वती) तथा हरिभद्रसूरिना लघु वांधव तरीके ओळखाया छे.

उपाध्याय यशोविजयजीने मात्र जैन विद्वत्ताना ज नही, पण हेमचन्द्राचार्यनी पेठे, गुजराती विद्वत्ताना महान प्रतिनिधि लेखवा पडे एवुं एमनुं प्रदान छे.

यशोविजयजी सं.१७४३मां डभोईमां चातुर्मास रह्या अने त्यां अनशनपूर्वक देवगतिने पाम्या. डभोईमां सं.१७४५मां एमनी पादुका प्रतिष्ठित करवामां आवेली छे.

जयंत कोठारी

अनुक्रम

- **विभाग २ : गुजराती-हिन्दी ग्रन्थो**

(जेना आदि-अंत आपवामा आव्या छे तेवा ग्रंथो)

विभाग १

संस्कृत-प्राकृत ग्रन्थो

१. अध्यात्ममतपरीक्षा – स्वोपज्ञटीकासह

(अज्झप्पमयपरिक्खा)

मूलग्रन्थ	टीकाग्रन्थ
भाषा : प्राकृत	भाषा . संस्कृत
पद्यसंख्या : १८४	श्लोकमान : ४०००
रचनासमय . –	रचनासमय : –
धर्मसाम्राज्य : विजयदेवसूरि	धर्मसाम्राज्य : विजयदेवसूरि तथा विजयसिहसूरि

विषय : अध्यात्म

प्रकाशित : (१) प्रकरणरत्नाकर भाग २, प्रका. श्रावक भीमसिह माणक, मुवई, ई.स.१८७८ (मूल, पद्मविजयकृत गुजराती वालाववोध सहित). (२) अध्यात्ममतपरीक्षा, प्रका श्रेष्ठि दे.ला. जैन पुस्तकोद्धार फंड, सुरत, ई स.१९११ (मूल तथा टीका). (३) अध्यात्ममतपरीक्षा, प्रका. जैन आत्मानंद सभा, भावनगर, ई.स.१९१६ (मूल, गुजराती अनुवाद सहित). (४) अध्यात्ममतपरीक्षा, प्रका. आदीश्वर जैन टेम्पल ट्रस्ट, मुंवई, – (मूल तथा टीका, अभयशेखरविजयजीना गुजराती भावानुवाद साथे).

मूल आदि –

पणमिय पासजिणिंदं वंदिय सिरिविजयदेवसूरिंदं ।
अज्झप्पमयपरिक्खं जहवोहमिमं करिस्सामि ॥१॥

શ્રી પાર્શ્વનાથ પ્રભુને પ્રણામ કરીને તથા શ્રી વિજયદેવસૂરિને વંદન કરીને પોતાના જ્ઞાન અનુસાર હુ આ અધ્યાત્મમતપરીક્ષાની રચના કરું છું. (૧)

श्री पार्श्वनाथ प्रभु को प्रणाम करके एवं श्री विजयदेवसूरि को वंदन करके अपने ज्ञान के अनुसार मै अध्यात्मतपरीक्षा की रचना करता हूँ ॥१॥

मूल अंत –

अज्झप्पमयपरिक्खा एसा सुत्तीहिं पूरिया जुत्ता ।
सोहंतु पसायंपरा तं गीयत्था विसेसविऊ ॥१८४॥

સૂક્તિથી યુક્ત આ અધ્યાત્મમતપરીક્ષા પૂર્ણ કરી. કૃપાવંત વિશેષજ્ઞ ગીતાર્થો – પંડિતો તેનું શોધન કરો. (૧૮૪)

सूक्ति से पूर्ण यह अध्यात्ममतपरीक्षा (मैंने) पूर्ण की । कृपावंत विशेषज्ञ गीतार्थ – पंडित इसका शोधन करें ॥१८४॥

टीका आदि –

ऐंकारकलितरूपां स्मृत्वा वाग्देवतां विबुधवन्द्याम् ।
अध्यात्ममतपरीक्षां स्वोपज्ञामेष विवृणोमि ॥१॥

ઐંકારથી જેમનું રૂપ ઓળખાય છે – ઐંકાર એ જ જેમનું રૂપ છે એવાં, વિદ્વાનો દ્વારા વંદન કરવા યોગ્ય, વાગ્દેવતાનું સ્મરણ કરીને આ હું સ્વરચિત અધ્યાત્મતપરીક્ષાનું વિવરણ કરું છું. (૧)

ऐकार से जिनका रूप जाना जाता है, ऐंकार ही जिनका रूप है ऐसा, विद्वानो के द्वारा वंदन करने योग्य, वाग्देवता का स्मरण करके यह मै स्वरचित अध्यात्ममतपरीक्षा का विवरण करता हूँ ॥१॥

टीका अंत – प्रशस्तिः ।

एतां वाचमुवाच वाचकवरो वाचंयमस्याग्रणी-
रस्या एव च भाष्यकृत्प्रभृतयो निष्कर्षमातेनिरे ।
एतामेव वहन्ति चेतसि परब्रह्मार्थिनो योगिनो
रागद्वेषपरिक्षयाद्भवति यन्मुक्तिर्न हेत्वन्तरैः ॥१॥

રાગદ્વેષના નાશથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે, બીજા કોઈ સાધનથી નહીં – આવી વાણી મુનિઓ(વાચંયમ)ના અગ્રણી વાચકશ્રેષ્ઠે ઉચ્ચારી, ભાષ્યકાર વગેરેએ આ જ (વાણી)ના નિષ્કર્ષનો વિસ્તાર કર્યો અને પરબ્રહ્મની ઇચ્છા કરનાર યોગીઓ ચિત્તમાં આ(વાણી)ને જ ધારણ કરે છે. (૧)

रागद्वेष के नाश से ही मुक्ति प्राप्त होती है, अन्य किसी साधन से नही – मुनियों (वाचंयम्) के अग्रणी वाचकश्रेष्ठ ने इस वाणी का उच्चार किया, भाष्यकार इत्यादिने इसी (वाणी) के निष्कर्ष का विस्तार किया, और परब्रह्म की इच्छा करने वाले योगी चित्त में इस (वाणी) को ही धारण करते है ॥१॥

लावण्योपचयो यथा मृगदृशः कान्तं विना कामिनं
भैषज्यानुपशान्तभस्मकरुजः सद्भक्ष्यभोगो यथा ।

अप्रक्षाल्य च पङ्कमङ्कसिचये कस्तूरिकालेपनं
रागद्वेषकषायनिग्रहमृते मोघप्रयासस्तथा ॥२॥

પ્રેમાસક્ત પ્રિયતમ વિના જેવો સ્ત્રીનો લાવણ્યભંડાર, ઔષધથી જેનો ભસ્મકનો રોગ શાંત થયો નથી એવાને માટે જેવું સરસ વાનગીઓનું ભોજન, શરીરરૂપી વસ્ત્ર (? અંકસિચય) પરના કાદવને ધોયા વગર જેવો કસ્તૂરીનો લેપ તેવો રાગદ્વેષરૂપ કષાય (ચિત્તવિકાર)ના નિગ્રહ વિના (મુક્તિ માટેનો) પ્રયાસ પણ નિષ્ફળ છે. (૨)

प्रेमासक्त प्रियतम के विना जैसे स्त्री का लावण्यभंडार, औपध से जिस का भस्मक का रोग शांत नहीं हुआ है ऐसे (मनुष्य) के लिये जैसे सुंदर खाद्य-पदार्थो का भोजन, शरीररूपी वस्त्र(? अंकसिचय) पर के पंक को धोये बिना जैसे कस्तूरी का लेप वैसे रागद्वेषरूप कषाय (चित्तविकार) के निग्रह बिना (मुक्ति के लिये) प्रयास भी निष्फल है ॥ २ ॥

आत्मध्यानकथार्थिनां तनुभृतामेता गिरः श्रोत्रयोः
श्रीमज्जैनवचोऽमृताम्बुधिसमुद्भूताः सुधाबिन्दवः ।
एता एव च नास्तिकस्य नितरामास्तिक्यजीवातवः
सन्तप्तत्रपुसम्भवद्रवमुचः पीडाकृतः कर्णयोः ॥३॥

આત્મધ્યાન અંગેની વાર્તાના ઇચ્છુક એવા જીવોના કાનમાં આ વચનો શ્રીમદ્ જિનોપદેશરૂપી અમૃત-સમુદ્રમાંથી નીકળેલ સુધાબિન્દુઓની સમાન છે. આસ્તિકતાની સંજીવની (જીવાતવઃ) જેવાં આ વચનો જ નાસ્તિકના કાનમાં તપાવેલ સીસાનો રસ-રેડનાર અને પીડા કરનાર છે. (૩)

आत्मध्यान सम्वन्धी वार्ता के इच्छुक जीवो के कानों मे ये वचन श्रीमद् जिनोपदेशरूपी अमृतसमुद्र से निकले हुए सुधाविन्दु के समान है । आस्तिकता की संजीवनी (जीवातवः) जैसे ये वचन नास्तिक के कान मे संतप्त सीसे का द्रव डालने वाले और पीडाकारक होते है ॥३॥

आशा श्रीमदकब्बरक्षितिपतिश्चित्रं द्विषद्भामिनी-
नेत्राम्भोमलिनाश्चकार यशसा यस्ताः सिताः प्रत्युत ।
एकः सैन्यतुरङ्गनिष्ठुरखुरक्षुण्णां चकार क्षमा-
मन्यस्तां हृदये दधार तदपि प्रीतिर्द्वयोः शाश्वती ॥४॥
स श्रीमत्तपगच्छभूषणमभूद्भूपालभालस्थल-
व्यावल्गन्मणिकान्तिकुङ्कुमपयःप्रक्षालिताङ्घ्रिद्वयः ।

षट्खण्डक्षितिमण्डलप्रसृमराखण्डप्रचण्डोल्लसत्
पाण्डित्यध्वनदेक डिण्डिमभरः श्रीहीरसूरीश्वरः ॥५॥

શ્રીમાન અકબર બાદશાહે દિશાઓને શત્રુઓની સ્ત્રીઓનાં આંસુઓથી મલિન કરી ત્યારે એથી ઊલટું જેમણે તે દિશાઓને પોતાના યશથી ઉજ્જ્વળ કરી, અને એકે (અકબરે) ક્ષમા(પૃથ્વી)ને સૈન્યના ઘોડાઓની કઠોર ખરીઓથી ખોદી નાખી, ત્યારે બીજાએ ક્ષમાને હૃદયમાં ધારણ કરી તોપણ આવા બંનેની પ્રીતિ શાશ્વત બની રહી, તે શ્રીમદ્ તપગચ્છના ભૂષણરૂપ શ્રી હીરસૂરીશ્વર થયા, જેઓનાં બે ચરણ ભૂપાલોના કપાળ (પરના મુકુટો)માંથી ઊછળતા મણિકાંતિરૂપી કુંકુમજલથી ધોવાયેલાં છે તેમજ જેમના અખંડ, પ્રચંડ, ઉલ્લસતા પાંડિત્યનો ઉદ્‌ઘોષ કરતા નગારાનો અવાજ છ ખંડના ક્ષિતિમંડલમાં પ્રસરી રહ્યો છે. (૪-૫)

श्रीमान् अकवर वादशाह ने दिशाओं को शत्रुओं की पत्नीओं के आंसू से मलिन किया तव इस से विपरीत जिन्होंने दिशाओं को अपने यश से उज्ज्वल किया; एक(अकवर) ने क्षमा(पृथ्वी) को सैन्य के अश्वो के कठोर खुरों से क्षुण्ण किया तो अन्य ने क्षमा को हृदय में धारण किया; तव भी इन दोनो की शाश्वत प्रीति वनी रही – ऐसे श्रीमत् तपगच्छ के भूपणरूप श्री हीरसूरीश्वर हुए जिनके दो पैर भूपालों के ललाट (पर के मुकुटों) से उछलता हुआ मणिकांतिरूपी कुड्कुमजल से प्रक्षालित हुए है तथा जिनके अखण्ड तथा प्रचण्ड उल्लसत् पाण्डित्य का उद्घोप करते हुए डिण्डिम की आवाज़ छः खण्डो के क्षितिमण्डल मे प्रसरित हो रही हैं ॥४-५॥

स्वैरं स्वेहितसाधनीः प्रसृमरे स्वीयप्रतापानले
वाङ्मन्त्रोपहृता विपक्षयशसामाधाय लाजाहुतीः ।
यो दुर्वादिकुवासनोपजनितं कष्टं निनाय क्षयं
स श्रीमान् विजयादिसेनसुगुरुस्तत्पट्टरत्नं वभौ ॥६॥

તેઓની (હીરવિજયસૂરિની) પાટે રત્ન સમા વિજયસેનસૂરિ સુગુરુ થયા કે જેમણે પોતાના ઇચ્છિતના સાધનરૂપ અને વાઙ્મન્ત્રથી ખેંચી લવાયેલી વિપક્ષોના યશરૂપી ડાંગરની આહુતિઓ પોતાના પ્રસરતા પ્રતાપાગ્નિમાં નાખીને દુર્વાદીઓ(દુષ્ટ વિપક્ષીઓ)ની કુવાસના(કુવિચાર)થી પેદા થયેલા કષ્ટનો સહજતાથી નાશ કર્યો. (૬)

उन (श्री हीरसूरीश्वर) के पट्ट पर रत्न के समान विजयसेनसूरि सुगुरु

हुए, जिन्होंने अपने इच्छित के साधनरूप तथा वाड्मन्त्र से आहुत विपक्षियों के यशरूपी अक्षत की आहुतियों को फैल रहे अपने प्रतापरूपी अग्नि में डाल कर दुर्वादियो (दुष्ट विपक्षियो) की कुवासना (कुविचार) से उत्पन्न कष्ट का सहजता से नाश किया ॥६॥

धारावाह इवोन्नमय्य नितमां यो दक्षिणस्यामपि
स्वैरं दिक्षु ववर्ष हर्षजननीर्विद्वत्पदारव्या अपः ।
तत्पट्टत्रिदशाद्रितुङ्गशिखरे शोभां समग्रां दधत्
स श्रीमान् विजयादिदेवसुगुरुः प्रद्योतते साम्प्रतम् ॥७॥

તેમની (વિજયસેનસૂરિની) પાટરૂપી મેરુ પર્વત(ત્રિદશાદ્રિ)ના ઊંચા શિખર પર સંપૂર્ણ શોભાયમાન શ્રી વિજયદેવસૂરિ સુગુરુ અત્યારે પ્રકાશી રહ્યા છે કે જેમણે દક્ષિણમાં મેઘની જેમ ખૂબ ઊંચે ચડીને (અભ્યુદય પામીને) પણ બધી દિશાઓમાં (જગતમાં) હર્ષજનક એવું વિદ્વત્તા(વિદ્વત્પદ)-રૂપી જળ સ્વાધીનપણે વરસાવ્યું. (૭)

उनके (विजयसेनसूरि के) पट्टरूपी मेरु पर्वत (त्रिदशाद्रि) के ऊंचे शिखर पर संपूर्ण शोभायमान श्री विजयदेवसूरि सुगुरु अव प्रकाशित हो रहे है, जिन्होने दक्षिण में मेघ के समान वहुत ऊँचे चढ़कर (अभ्युदय प्राप्त करके) भी सभी दिशाओ मे (जगत मे) हर्प उपजानेवाला विद्वत्ता(विद्वत्पद)रूपी जल को स्वैरतया वरसाया ॥७॥

यद्गाम्भीर्यविनिर्जितो जलधिरप्युल्लोलकल्लोलभृत्
राज्ञे सर्वमिदं निवेदयति किं व्याकीर्णलम्बालकः ।
तत्पट्टोदयपर्वतेऽभ्युदयिनः पुष्णाति पूष्णस्तुलां
स श्रीमान् विजयादिसिंहसुगुरुः सौभाग्यभाग्यैकभूः ॥८॥

તેમની (વિજયદેવસૂરિની) પાટરૂપી ઉદયાચલ પર ઉદય પામેલા અને માંગલ્ય (સૌભાગ્ય) તથા ભાગ્યના એકમાત્ર સ્થાન સમા શ્રી વિજયસિહસૂરિ સુગુરુ સૂર્યની તુલના પ્રાપ્ત કરે છે, કે જેમના ગાંભીર્યથી જિતાયેલો ઊછળતાં મોજાંવાળો સમુદ્ર પણ જાણે વાળની લાંબી લટોને વિખેરીને ચંદ્રને (રાજ્ઞે) એ સર્વ નિવેદિત કરે છે. (૮)

उनके (विजयदेवसूरि के) पट्टरूपी उदयाचल पर उदित हुए और मांगल्य (सौभाग्य) तथा भाग्य के एकमात्र स्थान समान श्री विजयसिहसूरि सुगुरु सूर्य की तुलना प्राप्त करते है, अथवा जिन के गाम्भीर्य से पराजित

उछलती तरंगोंवाला समुद्र भी मानो लम्वे वालों को विखेरकर चन्द्र को (राझे) यह सव निवेदित करता है ॥८॥

गच्छे स्वच्छतरे तेषां परिपाट्योपतस्थुषाम् ।
कवीनामनुभावेन नवीनां कृतिमादधे ॥३॥

તેઓના સ્વચ્છતર ગચ્છમાં ક્રમશઃ થયેલા કવિઓના પ્રતાપે મે આ નવી કૃતિની રચના કરી. (૯)

उनके स्वच्छतर गच्छ में क्रमशः हुए कवियों के प्रभाव से मैने इस नवीन कृति की रचना की ॥९॥

तथाहि –

साहस्रैर्मघवा हरश्च दशभिः श्रोत्रैर्विधिश्चाष्टभि-
र्येषां कीर्तिकथां सुधाधिकरसां पातुं प्रवृत्ताः समम् ।
ते श्रीवाचकपुङ्गवास्त्रिजगतीविख्यातधामाश्रयाः
कल्याणाद्विजयाह्वयाः कविकुलालङ्कारतां भेजिरे ॥१०॥

અમૃત કરતાં પણ અધિક રસવાળી જેઓની કીર્તિકથાને પીવાને (સાંભળવાને) ઇન્દ્ર હજારો કાનોથી, શંકર દશ કાનોથી .અને બ્રહ્મા આઠ કાનોથી એક સાથે પ્રવૃત્ત થયા તે, ત્રણે જગતમાં વિખ્યાત, તેજસ્વી વાચક-શ્રેષ્ઠ શ્રી કલ્યાણવિજય કવિકુળના અલંકારરૂપ બની રહ્યા. (૧૦)

अमृत से भी अधिक रसयुक्त जिनकी कीर्तिकथा को पीने (सुनने) के लिये इन्द्र हजार कानों से, शंकर दश कानों से तथा व्रह्मा आठ कानों से एकसाथ प्रवृत्त हुए वे, तीनों जगत में विख्यात, तेजस्वी वाचकश्रेष्ठ श्री कल्याणविजय कविकुल के आभूपणरूप हो गये ॥१०॥

हैमव्याकरणे कषोपल इवोद्दीप्तं परीक्षाकृतः
पर्यैक्षन्त निवद्धरेखमखिलं येषां सुवर्णं वचः ।
ते प्रोन्मादिकुवादिवारणघटानिर्भेदपञ्चाननाः
श्रीलाभाद्विजयाह्वयाः सुकृतिनः प्रौढश्रियं शिश्रियुः ॥११॥

હૈમ વ્યાકરણની બાબતમાં જેમના સુવર્ણ (સુશબ્દ) વચનને કસોટી-પથ્થર પર અંકાયેલ ઉદ્દીપ્ત સુવર્ણરેખા સમ પરીક્ષકોએ પ્રમાણ્યું છે તે, અત્યન્ત ઉન્મત્ત વાદીરૂપ હાથીઓના ટોળાને ભેદવામાં સિંહ સમાન શ્રી લાભવિજય નામના વિદ્વાને (સુકૃતિનઃ) અત્યંત શોભા ધારણ કરી. (૧૧)

हैम व्याकरण के वारे में जिनका सुवर्ण (सुशव्द) वचन को कसौटी

पर अंकित की गई उद्दीप्त सुवर्णरेखा के समान परीक्षकों ने प्रमाणित किया है वे, अत्यन्त उन्मत्त वादीरूप हाथियों के समूह को भेदने में सिंह समान श्री लाभविजय नामक विद्वान ने (सुकृतिनः) अत्यन्त शोभा धारण की ॥११॥

यत्कीर्त्तिश्रुतिधूतधूर्जटिशिरोविभ्रस्तसिद्धापगा-
कल्लोलप्लुतपार्वतीकुचगलत्कस्तूरिकापङ्किले ।
चित्रं दिग्वलये तथैव धवले नो पङ्कवार्त्ताप्यभूत्
प्रौढिं तद्विबुधेषु जीतविजयाः प्राज्ञाः परामैयरुः ॥१२॥

જેઓની કીર્તિના શ્રવણથી ડોલી ઊઠેલા શંકરના મસ્તક પરથી સરી પડેલી સ્વર્ગગંગા(સિદ્ધાપગા)ના તરંગમાં નહાતાં પાર્વતીનાં સ્તનમાંથી ગળતી કસ્તૂરીથી કીચડવાળા – મલિન બનેલ અને પછી તે જ કીર્તિથી ઉજ્જ્વળ થયેલ સમસ્ત વિશ્વ(દિગ્વલય)માં અહો ! પંક(મલિનતા)ની વાત પણ ન રહી તે પ્રાજ્ઞ શ્રી જીતવિજયે પંડિતોમાં શ્રેષ્ઠતા ધારણ કરી. (૧૨)

जिनकी कीर्त्ति के श्रवण से डोलनेवाले शंकर के मस्तक से गिरी हुई स्वर्गगंगा(सिद्धापगा) की तरंगों मे स्नान करती हुई पार्वती के स्तनो से प्रवाहित कस्तूरी के पंक से मलिन बने हुए तथा बाद मे उसी कीर्ति से उज्ज्वल बने हुए समस्त विश्व(दिग्वलय) में अहो ! पंक(मलिनता) की बात भी न रही, उन प्राज्ञ श्री जीतविजयजी ने पंडितो मे श्रेष्ठता प्राप्त की ॥१२॥

येषामत्युपकारसारविलसत्सारस्वतोपासना-
द्वाचः स्फारतराः स्फुरन्ति नितमामस्मादृशामप्यहो ।
धीरश्लाघ्यपराक्रमास्त्रिजगतीचेतश्चमत्कारिणः
सेव्यन्ते हि मया नयादिविजयप्राज्ञाः प्रमोदेन ते ॥१३॥

જેઓના અત્યન્ત ઉપકારના સાર રૂપે વિલસતા (પ્રકાશિત થતા) સરસ્વતીમંત્રની ઉપાસનાથી અમારા જેવાઓને પણ અત્યધિક વચનો સ્ફુરે છે, તે ધીર પુરુષો વડે વખાણવા યોગ્ય પરાક્રમવાળા તેમજ ત્રણે જગતના ચિત્તને ચમત્કૃત કરનારા પંડિત શ્રી નયવિજયની હું સાનંદ સેવા કરું છું. (૧૩)

जिनके अत्यन्त उपकार के सारभूत उल्लसित (प्रकाशित होता) सरस्वतीमंत्र की उपासना से हम जैसो को भी अत्यधिक वचन स्फुरित होते है उन, धीर पुरुषो से श्लाध्य पराक्रमवाले तथा तीनों जगत के चित्त को चमत्कृत

करनेवाले पण्डित श्री नयविजयजी की मैं सानन्द सेवा करता हूँ ॥१३॥

तेषां प्राप्य परोपकारजननीमाज्ञां प्रसादानुगां
तत्पादाम्बुजयुग्मसेवनविधौ भृङ्गायितं बिभ्रता ।
एतन्न्यायविशारदेन यतिना निःशेषविद्यावतां
प्रीत्यै किञ्चन तत्त्वमाप्तसमयादुद्धृत्य तेभ्योऽर्पितम् ॥१४॥

તેઓની પરોપકારજનક કૃપાયુક્ત આજ્ઞા મેળવીને તેઓનાં બે ચરણકમળની ઉપાસના કરવામાં ભમરા જેવા બનેલા ન્યાયવિશારદ બિરુદવાળા સાધુએ (યશોવિજયે) સઘળા વિદ્વાનોની પ્રીતિ માટે વીતરાગવાણી-(આપ્તસમય)માંથી કંઈક તત્ત્વ ઉદ્ધૃત કરી તેઓને અર્પણ કર્યું છે. (૧૪)

उनकी परोपकारजनक कृपायुक्त आज्ञा पाकर उनके दो चरणकमलों की उपासना करने में भ्रमर जैसे, न्यायविशारद विरुदवाले साधु (यशोविजय) ने सारे विद्वानों की प्रीति के लिये वीतरागवाणी(आप्तसमय) में से कुछ तत्त्व को उद्धृत करके उन्हें समर्पित किया है ॥१४॥

यद्युच्चैः किरणाः स्फुरन्ति तरणेः तत् किं तमःसञ्चयैः
स्वायत्ता यदि नाम कल्पतरवः स्तब्धैर्द्रुमैः किं ततः ।
देवा एव भवन्ति चेन्निजवशास्तत् किं प्रतीपैः परैः
सन्तः सन्तु मयि प्रसन्नमनसोऽत्युच्छृङ्खलैः किं खलैः ॥१५॥

જો સૂર્યકિરણો અત્યન્ત પ્રકાશી રહ્યા હોય તો અંધકારના પુંજથી શું ? જો કલ્પવૃક્ષો સ્વાધીન હોય તો જડ(સ્તબ્ધ) વૃક્ષોથી શું ? દેવો જ જો પોતાને વશ થઈ જાય તો બીજાઓ પ્રતિકૂળ હોય તેથી શું ? એમ સજ્જનો જો મારા પર પ્રસન્ન મનવાળા હોય તો અતિ ઉચ્છૃંખલ દુર્જનોથી શું ? (૧૫).

यदि सूर्य की किरणे अत्यन्त प्रकाशित हो रही हो । तो अन्धकार के पुंज से क्या ? यदि कल्पवृक्ष स्वाधीन हो तो जड(स्तव्ध) वृक्षो से क्या ? यदि देव अपने वश हो जाय तो अन्य लोग प्रतिकूल हो उससे क्या ? वैसे सज्जन यदि मेरे प्रति प्रसन्न मनवाले हो तो अति उच्छृंखल दुर्जनो से क्या ? ॥१५॥

भिन्नस्वर्गिरिसानुभानुशशभृ(त्प्र)त्युच्छलत्कन्दुकः
क्रीडायां रसिको विधिर्विजयते यावत्स्वतन्त्रेच्छया ।
तावद्भावविभावनैककुतुकी मिथ्यात्वदावानल-
ध्वंसे वारिधरः स्फुरत्वयमिह ग्रन्थः सतां प्रीतिकृत् ॥१६॥

મેરુ પર્વતના શિખર(સાનુ) વડે જુદા પડાયેલા સૂર્ય-ચન્દ્રરૂપ સામસામે ઊછળતા દડાની ક્રીડામાં રસ ધરાવતો નિયંતા જ્યાં સુધી પોતાની સ્વતંત્ર ઈચ્છા મુજબ પ્રવર્તે છે ત્યાં સુધી ભાવોને પ્રકટ કરવાની એકમાત્ર ઉત્સુકતાવાળો અને મિથ્યાત્વરૂપ દાવાનલને શાંત કરવામાં જલધર જેવો તેમજ સત્પુરુષોને આનંદ કરાવનાર આ ગ્રન્થ અહી ઝળક્યા કરો. (૧૬)

मेरु पर्वत के शिखर(सानु) से अलग किये गये सूर्य-चन्द्ररूप एकदूसरे के सामने उछलनेवाले कन्दुक की क्रीडा मे रुचि रखनेवाला विधि जब तक अपनी इच्छा से प्रवर्तित होता है तब तक भावों को प्रकट करने की एकमात्र उत्सुकतावाला और मिथ्यात्वरूप दावानल को शान्त करने में मेघ समान तथा सज्ञनों को आनन्द देनेवाला यह ग्रन्थ यहाँ स्फुरित होता रहे ॥१६॥

•

२. अध्यात्मसारप्रकरण

पद्यसंख्या . ९४९
भापा . संस्कृत
रचनासमय : –
धर्मसाम्राज्य . –
विपय · अध्यात्म

प्रकाशित : (१) प्रकरणरत्नाकर भाग १, प्रका. श्रावक भीमसिह माणक, मुंवई, ई.स.१८७६ (वीरविजयकृत गुजराती वालाववोध सहित). (२) जैन शास्त्रकथासंग्रह, वी.आ. ई.स.१८८४. (३) अध्यात्मसार, प्रका. नरोत्तम भाणजी, वि सं.१९५२ (गंभीरविजयकृत टीका सहित). (४) यशोविजयजीकृत ग्रंथमाला, प्रका. जैन धर्म प्रसारक सभा, भावनगर, वि.सं.१९६५ (५) अध्यात्मसार, प्रका. जैन धर्म विद्या प्रसारक वर्ग, पालीताणा, ई.स.१९१३ (गुजराती भावार्थ-विशेपार्थ सहित). (६) अध्यात्मसार, प्रका. जैन धर्म प्रसारक सभा, भावनगर, ई.स.१९१५ (गंभीरविजयगणिकृत वृत्ति सहित) (७) अध्यात्मसार, प्रका. नरोत्तम भाणजी, ई.स.१९१६ (गंभीरविजयजीकृत टीकानो गुजराती अनुवाद). (८) अध्यात्मसार तथा कदम्वगिरितीर्थराजस्तोत्र, संपा. विजयानंदसूरि, प्रका. केशरवाई ज्ञानभंडार, पाटण, ई.स.१९३८. (९) अध्यात्मसार-अध्यात्मोपनिपद्-ज्ञानसार-प्रकरणत्रयी, प्रका नगीनदास करमचंद, वि.सं.१९९४. (१०) अध्यात्मसार, अनु. चंद्रशेखरविजयजी, वि.सं.२०२३ (गुजराती अनुवाद सहित). (११) अध्यात्मसार, संपा. नेमचंद्रजी, अनु. पद्मविजयजी, प्रका. निर्ग्रन्थ साहित्य प्रकाशन संघ, दिल्ली, ई.स.१९७६ (हिन्दी अनुवाद सहित).

मूल आदि –

ऐन्द्रश्रेणिनतः श्रीमान्नन्दतान्नाभिनन्दनः ।
उद्दधार युगादौ यो जगदज्ञानपङ्कतः ॥१॥

ઇન્દ્રની શ્રેણી જેમને નમન કરે છે અને જેમણે યુગના પ્રારંભમાં અજ્ઞાનરૂપી કાદવમાંથી જગતનો ઉદ્ધાર કર્યો છે એ શ્રી નાભિપુત્ર પ્રસન્ન થાઓ (૧).

इन्द्रों की श्रेणी जिनको प्रणाम करती है और जिन्होंने युग के आरंभ में अज्ञानरूपी कीचड़ से जगत का उद्धार किया है वे श्री नाभिपुत्र प्रसन्न हों ॥१॥

मूल अंत –

यत्कीर्तिस्फूर्तिगानावहितसुरवधूवृन्दकोलाहलेन
प्रक्षुब्धस्वर्गसिन्धोः पतितजलभरैः क्षालितः शैत्यमेति ।
अश्रान्तभ्रान्तकान्तग्रहगणकिरणैस्तापवान् स्वर्णशैलो
भ्राजन्ते ते मुनीन्द्रा नयविजयबुधाः सज्जनव्रातधुर्याः ॥१५॥

અણથક – નિરંતર ભ્રમણ કરતા મનોહર ગ્રહગણોનાં કિરણોથી તપ્ત થયેલો સુવર્ણનો પર્વત (મેરુપર્વત), જેમની કીર્તિના પ્રકટીકરણના ગાનમાં મગ્ન દેવાંગનાઓના સમૂહના કોલાહલથી પ્રક્ષુબ્ધ થયેલ સ્વર્ગગંગાના (નીચે) પડતા જલરાશિથી ધોવાતાં શીતલ બને છે તે, સજ્જનોના સમૂહના અગ્રેસર, મુનિઓમાં શ્રેષ્ઠ નયવિજય પંડિત શોભી રહ્યા છે. (૧૫)

अविराम भ्रमण करनेवाले मनोहर ग्रहगणों की किरणों से तप्त सुवर्णपर्वत (मेरुपर्वत), जिनकी कीर्ति के प्रकटीकरण के गान में मग्न देवांगनाओ के समूह के कोलाहल से प्रक्षुब्ध स्वर्गगंगा की गिरती हुई जलराशि से प्रक्षालित होने से शीतल हो जाता है वे, सज्जनसमुदाय के अग्रयायी, मुनियों मे श्रेष्ठ नयविजय पंडित शोभायमान हो रहे है ॥१५॥

चक्रे प्रकरणमेतत्तत्पदसेवापरो यशोविजयः ।
अध्यात्मधृतरुचीनामिदमानन्दावहं भवतु ॥१६॥

તેમનાં (નયવિજયનાં) ચરણોની સેવામાં તત્પર યશોવિજયે આ પ્રકરણની રચના કરી. અધ્યાત્મમાં જે રુચિ ધરાવે છે તેમને એ આનંદપ્રદ બનો. (૧૬)

उनके (नयविजय के) चरणों की सेवा में तत्पर यशोविजय ने इस प्रकरण की रचना की । अध्यात्म मे जिनकी रुचि है ऐसे (लोगो) को यह आनन्दप्रद हो ॥१६॥

३. अध्यात्मोपनिषत्प्रकरण

पद्यसंख्या . २०९
ग्रंथभापा . सरकृत
रचनासमय : –
धर्मसाम्राज्य –
विपय ˙ अध्यात्म
प्रकाशित ˙ (१) यशोविजयजीकृत ग्रंथमाला, प्रका. जैन धर्म प्रसारक सभा, भावनगर, वि.सं.१९६५. (२) श्रुतज्ञान अमीधारा, प्रका. –, ई.स.१९३६. (३) अध्यात्मसार-अध्यात्मोपनिपद्-ज्ञानसार प्रकरणत्रयी, प्रका. नगीनदास करमचंद, वि.सं.१९९४. (४) अध्यात्मोपनिपत्, प्रका. श्री लब्धि-भुवन जैन साहित्य सदन, छाणी, वि.सं.२०४२ (भद्रंकरसूरिकृत टीका सहित).

आदि –

ऐन्द्रवृन्दनतं नत्वा वीतरागं स्वयंभुवम् ।
अध्यात्मोपनिषन्नाम्ना ग्रन्थोऽस्माभिर्विधीयते ॥१॥

ઇન્દ્રનો સમૂહ જેમને પ્રણામ કરે છે તેવા સ્વયંભૂ વીતરાગ દેવને પ્રણામ કરીને અમે અધ્યાત્મોપનિષદ્ નામના ગ્રંથની રચના કરીએ છીએ. (૧)

इन्द्रों का समूह जिनको प्रणाम करता है उन स्वयंभू वीतराग देव को प्रणाम करके हम अध्यात्मोपनिपद् नामक ग्रन्थ की रचना करते हैं ॥१॥

अंत (प्रथम अधिकार) –

विशेषादोघाद्वा सपदि तदनेकान्तसमये
समुन्मीलद्भक्तिर्भवति य इहाध्यात्मविशदः ।
भृशं धीरोदात्तप्रियतमगुणोज्ञागररुचिः
यशःश्रीस्तस्याङ्कं त्यजति न कदापि प्रणयिनी ॥७७॥

આ જગતમાં જે અધ્યાત્મભાવથી નિર્મળ બનેલ પુરુષ વિશેષ પ્રકારે કે સર્વસામાન્ય પ્રકારે (ઓઘાત્) અનેકાન્તના સિદ્ધાંતમાં તત્કાલ વિકસતી ભક્તિવાળો બને છે તેનો ખોળો, ધીરોદાત્ત પ્રિયતમના ગુણો પ્રત્યે જેની

રુચિ ખૂબ પ્રકટિત થાય છે તેવી પ્રણયિની યશ·શ્રી (યશરૂપી લક્ષ્મી) કદી તજતી નથી. (૭૭)

